ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જુના સચિવાલયમાં આગ

## વિકાસ કમિશનરની કચેરીમાં આગ ભભુકતા લાખોનું નુકશાન : ટેબલ-ખુરશી, રેકર્ડ, સહિત આધુનિક ઉપકરણો બળીને ખાક, આગની જાણ થતા મેયર આવી પહોંચ્યા, બે ફાયર જવાનોને ઈજા





ગાંધીનગર, તા.૧૪

પાટનગરના જુના સચિવાયલ બ્લોક નં.૧૬ ના પ્રથમ માળે આવેલી વિકાસ કમિશનરની કચેરી ખાતે સવારના સમયે આગ ભભુકી ઉઠી હતી. આગના ગોટેગોટા દુર દુર સુધી દેખાતા હતા. બનાવની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમના જવાનો તાત્કાલીક આવી પહોંચ્યા હતા. હજ્જારો લીટર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. જો કે આગની ઘટનામાં વિકાસ કમિશનરની કચેરીમાં જુનો રેકર્ડ, ફર્નિચર, તેમજ આધુનિક ઉપકરણો બળીને રાખ થઈ ગયા હતા. આગ પર કાબુ મેળવવાની કામગીરી ચાલી રહી હતી તે સમયે બારીના કાચ પડતા બે ફાયર જવાનોને ઈજા પહોંચી હતી. જો કે આગની જાણ થતા મેયર પણ જુના સચિવાલય ખાતે આવી પહોંચ્યા હતા. ત્યારે વિકાસ કમિશનરની કચેરી ખાતે કયાં કારણોસર આગ લાગી હતી તે તપાસ બાદ જાણવા મળશે.

મળતી વિગત મુજબ જુના સચિવાલય બ્લોક નં.૧૬ માં આવેલા વિકાસ કમિશનરની કચેરી ખાતે અચાનક આગ લાગી હતી. બારીમાંથી આગના ધુમાડા બહાર આવતા પ્રત્યક્ષદર્શીઓએ જોયા હતા. પરંતુ ગણતરીની મિનીટોમાં આગની ઝપેટમાં આખી કચેરી આવી ગઈ હતી. આગના ધુમાડા દુર સુધી દેખાતા હતા. જો કે આગ લાગી તે સમયે કચેરીમાં અધિકારી-કર્મચારીઓ હાજર ન હોવાથી જાનહાની ટળી હતી. આગનો કોલ મળતા જ ફાયર બ્રિગ્રેડના જવાનોની ૪ ટીમ તાત્કાલીક પહોંચી ગઈ હતી. ટીમના જવાનો એ ૫૦ હજાર લીટરથી વધુ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. બનાવની જાણ થતા આસપાસના વિસ્તારમાંથી નાગરીકોના ટોળા એકઠા થયા હતા. આગની જવાળાઓ આસપાસની કચેરીમાં ન પ્રસરે તે માટે ખાસ ફાયર જવાનોએ તકેદારી રાખી હતી. જયારે આગની લપેટમાં કચેરીનો મોટાભાગનો સામાન બળીને રાખ થઈ ગયો હતો. જેમાં ટેબલ-ખુરશી, જુનો રેકર્ડ, સહિત આધુનિક ઉપકરણો બળીને રાખ થઈ ગયા હતા. કચેરીમાં આગની ઘટનાને લઈ લાખો રૂપીયાના નુકશાન થવા પામ્યું છે. જયારે એફએસએલની ટીમની તપાસ બાદ કયાં કારણોસર આગ લાગી હતી તેનું કારણ જાણી શકાશે.

### એક્સ ફાયરમેન પણ આગ ઓલવવા જોડાયા



ગાંધીનગર, તા. ૧૪

જુના સચિવાલયમાં આજે સવારે બનેલ આગની દુર્ઘટનામાં ટેન્કરોથી પાણીનો મારો કરી આગને કાબુમાં લેવામાં આવી હતી. ૧૩ જેટલા પાણીના ટેન્કરોનો મારો કરવામાં આવ્યો હતો. ટેન્કરની નોઝલ પર એક્સ ફાયરમેન ખુમાનસિંહ ચૌહાણે પણ ફરજ બજાવી અને કામગીરી સંભાળી હતી.

### મેયર જુના સચિવાલય પહોંચ્યા



જુના સચિવાલય બ્લોક નં.૧૬ ના પ્રથમ માળે વિકાસ કમિશનરની કચેરી ખાતે અચાનક આગ લાગી હતી. ગણતરીના સમયમાં આગે વિકરાળ સ્વરુપ ધારણ કરતા કચેરીનો સામાન બળીને રાખ થઈ ગયો હતો. ત્યારે કોલ મળતા જ ફાયર જવાનોની ટીમ પણ પહોંચી ગઈ હતી. તો બીજીતરફ શહેરના મેયર હિતેશ મકવાણાને આગની જાણ થતા તાત્કાલીક જુના સચિવાલય ખાતે પહોંચી ગયા હતા. તેઓએ સ્થાનિક વ્યકિતઓ સાથે વાતચીત કરી આગ અંગેની માહિતી મેળવી હતી.

### આગ બુઝાવવા ગયેલા બે ફાયરમેન ઈજાગ્રસ્ત





ગાંધીનગરના જુના સચિવાલય બ્લોક નં-૧૬ ખાતે આવેલી વિકાસ કમિશનરની કચેરી ખાતે સવારના સમયે આગ ભભુકી ઉઠી હતી. ત્યારે આગનો કોલ મળતા જ ફાયર જવાનો તાત્કાલીક જુના સચિવાલય ખાતે પહોંચી ગયા હતા. પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ત્યારે ફાયર મેન તોહીદ મલેકને ઉપરના ભાગેથી બારીના કાચ પડતા માથાના ભાગે તેમજ અન્ય ફાયરમેન પૃથ્વીસિંહને પણ હાથના ભાગે કાચ પડતા ઈજા પહોંચી હતી. બંને જવાનોને તાત્કાલીક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

# આચારસંહિતાના ભયે સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખની ભીડ મહાનગરપાલિકાની કચેરીએ જામી

## સંકલન સમિતિની બેઠકમાં પાણી, ભુવા, રસ્તાઓના રિપેરીંગ તેમજ પડતર પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે ભાર મુકાયો, સ્થાયી સમિતિમાં સંતુલિત વિકાસના સંદેશ માટે કેટલાક મુદ્દા સમાવાયા

ગાંધીનગર, તા. ૧૪

ચૂંટણી પંચ દ્વારા આજે બપોરે ૩ વાગે બોલાવાયેલી પ્રેસ કોન્ફરન્સના સમાચારોને પગલે ગાંધીનગર શહેર ભાજપ અને મનપામાં ભારે ચહલ-પહલો જોવા મળી હતી.

શહેર ભાજપનું સંગઠ્ઠન આખુય મનપાની કચેરીએ દોડી આવ્યુ હતુ તો મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન અને ડે. મેયર પણ અગાઉના નિર્ધારિત કાર્યક્રમોને બદલે મનપાની કચેરી દોડી આવ્યા હતા. તાબડતોબ સંકલન સમિતિ અને સ્થાયી સમિતિની બેઠક પણ બોલાવી લેવામાં આવી હતી.

આ બધા ભાજપના આગેવાનો સહિતનાની ભોજન વ્યવસ્થા પણ મનપામાં જ કરવામાં આવી હતી. સ્થાયી સમિતિની બેઠક પણ ત્રણ વાગ્યા પહેલા આટોપી લેવાની હોઈ ગણતરીની મિનિટોમાં તો બેઠક પણ આટોપી લેવામાં આવી હતી.

આજે ભાજપના સ્થાનિક નેતાઓ જે ઉચાટ સાથે દોડતા જોવા મળ્યા હતા તેમાં પ્રદેશમાંથી મળેલા ઠપકાઓનો ભાર હોય તેવુ સ્પષ્ટ દેખાતુ હતુ.

સ્થાયી સમિતિના નિર્ણયોમાં પણ ઉતાવળ કરવામાં આવી હોય તેવુ લાગે છે. સ્થાયી સમિતિએ તેના વિક્રમો તોડવાની પરંપરા જાળવી રાખી છે આજે બોલાવેલી બેઠકમાં એક સાથે ૪૦ મુદ્દા પ્રથમવાર સમાવવામાં આવ્યા હતા.

સંતુલિત વિકાસ એ જ લક્ષ્ય હોય એવુ સાબિત કરવા આ વખતે નવા સમાવાયેલા વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટોના મેન્ટેન્ટસ તેમજ પાણીના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કના કામ, સ્વચ્છતા અભિયાન સઘન કરવા મોટનું ટેન્ડર, કાઉન્સીલરો માટે વધારાની ૨૫ હજાર ખુરશીઓ ખરીદવાના મુદ્દા સમાવવામાં આવ્યા હતા.

કર્મચારીઓને ખુશ રાખવા માટે પગાર વધારાનો પણ નિર્ણય કરવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિ અગાઉ સંકલન સમિતિની બેઠકમાં પણ ચૂંટાયેલી પાંખ અને સંગઠ્ઠન એક સાથે આગામી કાર્યક્રમોમાં હાજરી આપે તેમજ જે કંઈ કાર્યક્રમો ચાલી રહ્યા છે તેમાં પણ એક જ હોવાનો સંદેશ લોકો સુધી પહોંચે તેના પર ભાર મુકવામાં આવ્યો હતો. ગ્રામીણ વિસ્તારમાં પાણીનો મુદ્દો જે ઉછળ્યો છે તે ઝડપથી શાંત પડે તે માટે ચૂંટાયેલી પાંખને કામ કરવા તેમજ ભુવાઓ જે પડ્યા છે તે દુરસ્ત કરવા ઉપરાંત જે પડતર પ્રશ્નો છે તેના ઝડપી ઉકેલ માટે ભાર મુકવામાં આવ્યો હતો.

# કોલવડા, રાંધેજા અને પેથાપુરના બે મળી ૪ તળાવો અમૃત સરોવર પ્રોજેક્ટ હેઠળ ડેવલપ કરાશે

## સ્થાયી સમિતિએ બે ટેન્ડર રદ કર્યા તો એકમાં અધકચરો નિર્ણય કર્યો : ૬૮ કરોડના કામોને મંજૂરી અપાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજે કોલવડા, રાંધેજા તેમજ પેથાપુરના બે મળી કુલ ૪ તળાવોને અમૃત સરોવર પ્રોજેક્ટ હેઠળ રૂ. ૩૦ કરોડથી વધુના ખર્ચે ડેવલપ કરવામાં આવશે.

આજે ઉતાવળે અને ફોનકોલ કરી બોલાવવામાં આવેલી સ્થાયી સમિતિમાં આ મંજૂરી આપી દેવામાં આવી છે. સ્થાયી સમિતિમાં આજે ઉતાવળે બોલાવાયેલી બેઠકમાં એક સાથે ૪૦ મુદ્દાઓ રજુ કરાયા હતા.

આજે સ્થાયી સમિતિએ રિનોવેશન ઓફ કેટલ પોન્ડનું ટેન્ડર તેમજ સરગાસણ ખાતે કર્મચારીઓ માટે આવાસનું ટેન્ડર રદ કરવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત રાયસણ અને સરગાસણ ખાતે નર્સરી બનાવવાનું ટેન્ડર મંજૂર કર્યા પછી એજન્સીએ કામ કરવાનો ઈન્કાર કરતાં એસ-૨ જો કામ કરવા તૈયાર હોય તો આગળ વધવા કમિશનરને સત્તા આપી છે અને ના હોય તો નવેસરથી ટેન્ડર કરવા જણાવવામાં આવ્યુ છે.

સ્થાયી સમિતિએ ૪ તળાવોને અમૃત સરોવર પ્રોજેક્ટ અંતર્ગત ડેવલપ કરવા માટે એક જ એજન્સીને કામ સોંપવાનો નિર્ણય કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર શહેરમાં કોરોનાના ૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે સતત બીજે દિવસે કોરોનાના ત્રણ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૩ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે નવો કેસ નોંધાયો નથી.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતારની સ્થિતિએ તંત્રમાં ચિંતા જગાવી છે. કોરોનાનું લોકલ ટ્રાન્સમિશન આગામી દિવસોમાં હળવુ થઈ જશે અને કોરોના વિદાય લેશે તેવી વાતો પણ કચેરીઓમાં સાંભળવા મળી રહી છે. રાજય સરકારે કોરોના વેક્સીનેશનના સર્ટિફિકેટ વગર મુલાકાતીઓને પ્રવેશ આપવામાં આવે તેવો પરિપત્ર ટાંકી આ વાતો ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## અંજલિ



### હૃદયસ્થ પંકજભાઈ

કોઈપણ ક્ષણ, કોઈ દિવસ, કોઈ પ્રવૃત્તિ
એવી નથી ગઈ કે આપની યાદ અને
સહવાસ મહેસૂસ ન કર્યો હોય...
આપ હંમેશા અમારી સાથે જ રહેશો જ.

સી. એલ. મહેતા

મેહુલ ભટ્ટ | એસ. કે. પટેલ
વ્રજેશ જોશી | ધૂમકેતુ મહેતા
નિઝામ વોરા | વાય. એચ. પટેલ
કે. સી. પટેલ | વત્સલ પટેલ
એસ. આઈ. પટેલ | પ્રવીણ ગુલાટી

સર્વે આલેખન વર્તુળ અને મિત્રો

### ડીફેન્સ એક્સ્પોને અનુલક્ષી ઉત્સાહનો અતિરેક

# નગરના ક્રોસ જંકશન પર આડેધડ તોતિંગ હાર્ડીંગ્સ લગાવી દેવાતા માર્ગ સલામતી સામે જોખમ

## સેન્ટ્રલ વર્જમાં તોતિંગ હોર્ડીંગ્સ ખડકી દેવાતા માર્ગ ક્રોસ કરતી વેળાએ વાહનચાલકોને વિઝન મળતુ નથી

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં માર્ગ સલાતમીના પરિબળોને મજબુત કરવા માટે એકબાજુ સર્વે અને અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. પૈડા પરની જિન્દગીને સલામતી આપવા શહેરના રોડ એન્જિયરીંગમાં પણ વિવિધ ક્રોસ જંકશન પર જરૂરી બદલાવ લાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે બીજીતરફ આમ નાગરિકોની સલામતની ઐસી તૈસી કરી નગરના મુખ્યમાર્ગો પર આડેધડ હોર્ડીંગ્સ ખોપી દેવાતા ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જાય તેવી સ્થિતિ સર્જાઇ છે. નગરમાં ઠેર ઠેર ડીફેન્સ એકસ્પોના આયોજનને અનુલક્ષી પ્રચાર પ્રસાર કરવા માટે મુખ્ય માર્ગો પર સ્થિત ક્રોસ જંકશન પાસે તોતિંગ હોર્ડીગ્સ ખોપી દેવાયા છે. જેના લીધે માર્ગ ઓળંગતી વેળાએ વાહનચાલકોને સામેથી આવતા વાહનોનુ વિઝન જ મળતુ નથી. આ સ્થિતિમાં ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જાય તેવી દહેશત પણ પ્રબળ બની છે.





ગાંધીનગર શહેરના માર્ગો પર ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે માર્ગ સલાતમીના પરિબળો જોખમમાં મુકાયેલા છે. શહેરના મુખ્યમાર્ગો પર ક્રોસ રસ્તા પાસેના જંકશન પણ અકસ્માત ઝોન સમાન ગણાય છે. શહેરના મુખ્યમાર્ગો પર માર્ગ ઓળંગતી વેળાએ મુખ્યમાર્ગો પરથી પસાર થતા વાહનો ઝડપથી દોડતા હોવાના લીધે ગમે ત્યારે અકસ્માત નોંતરે છે. જયારે રસ્તો ક્રોસ કરતી વેળાએ વાહનચાલકોને યોગ્ય વિઝન

● અનુસંધાન પાન-૭ પર

### શહેરના મુખ્યમાર્ગોની આસપાસ

# જંગલ કટીંગ અને વૃક્ષોના થડીયાને કલર કરવા ત્રણ ટીમો કામે લાગી

## સેન્ટ્રલ વર્જમાં પણ રોપાઓનુ ટ્રીમીંગ કરાશે : વૃક્ષોના થડીયાને ગેરુકલર કરવાનુ કામ પણ દિવાળી પહેલા પૂર્ણ કરાશે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં વરસાદી દિવસોના અંતે સેકટરોના આંતરિક વિસ્તારો અને મુખ્યમાર્ગો આસપાસ ઠેર ઠેર બિનજરૂરી વન્સપિત અને ઘાસ ઉગી નિકળ્યુ છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં હજુ સફાઇ થઇ નથી જયારે નગરના મુખ્યમાર્ગો આસપાસ તેમજ સેન્ટ્રલ વર્જમાં સફાઇ કરવા માટે ૪૦ જેટલા મજુરોની ટીમ કામે લાગી છે. જયારે આસપાસ સ્થિત વૃક્ષોના થડીયાને પણ રંગરોગાન કરવામાં આવી રહ્યા છે. આ કામગીરીને અનુલક્ષી અંદાજિત રૂ ૨૬ લાખનો ખર્ચ કરાશે જયારે દિવાળી પુર્વે કામ પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગર શહેરમાં વરસાદી દિવસોના અંતે ઠેર ઠેર વનસ્પિત અને બિનજરૂરી ઘાસ ઉગી નિકળ્યા છે. જયારે સેકટરોમાં આંતરિક વિસ્તાર અલબત્ત કોમન પ્લોટમાં નવરાત દરમિયાન સફાઇ કરવામાં આવી હતી પરંતુ શહેરના મુખ્યમાર્ગો પર સેન્ટ્રલ વર્જ અને ફુટપાથની આસપાસના વિસ્તારમાં ઘાસ ઉગી નિકળ્યુ છે. જેના લીધે મોટાભાગના મુખ્યમાર્ગો આસપાસ ગંદકી જોવા મળે છે. જેને અનુલક્ષી પાટનગર યોજના વિભાગ કક્ષાએથી દર વર્ષની જેમ આ વર્ષે પણ જંગલ કટીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. અલબત્ત આ આ અન્વયે ફુટપાથ તેમજ વન આરક્ષિત વિસ્તારની જગ્યમાં સફાઇ કરવામાં આવશે આ ઉપરાંત શહેરના મુખ્યમાર્ગો પર સેન્ટ્રલ વર્જમાં રોપવામા આવેલ બોગનવેલ સહીતના રોપાઓનુ પણ ટ્રીમીંગ કરવામાં આવશે. ચોમાસાના અંતે દર વર્ષે શહેરમા આ મુજબ મુખ્યમાર્ગો આસપાસના વિસ્તારમાં સફાઇ તેમજ જંગલ કટીંગની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ માટે અગાઉ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જયારે હાલ શહેરમાં આ કામગીરી માટે ત્રણ થી ચાર ટીમો કામે લગાડવામાં આવી છે. જેમાં ૩૫ થી ૪૦ મજુરોની ટીમ આ કામગીરીમાં જોડાઇ છે.

● અનુસંધાન પાન-૭ પર

## શ્રધ્ધાંજલિ સભા



અમારા પૂજ્ય શ્રદ્ધેય **શ્રી કંચનલાલ કૃષ્ણારામ દવે** સંવત ૨૦૭૮ને સોમવાર તા.૧૦-૧૦-૨૦૨૨ના રોજ એકલિંગજી શરણ થયેલ છે. **તેઓની શ્રદ્ધાંજલિ સભા તા.૧૬-૧૦-૨૦૨૨ને રવિવારે સવારે ૯-૦૦થી ૧૧-૦૦ કલાકે ઘર આંગણે, ૫૧૯/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૧ ગાંધીનગર** ખાતે રાખેલ છે.

લિ.

**ગં.સ્વ.ભાનુબેન કંચનલાલ દવે (પત્ની)**
**સુશ્રી વર્ષાબેન કે. દવે (પુત્રી)**
**પરેશકુમાર કે.દવે (પુત્ર)** — **ગં.સ્વ.રમાબેન જયંતિલાલ દવે (ભાભી)**
**મિતેશકુમાર કે.દવે (પુત્ર)** — **દિપક જે.દવે (ભત્રીજો)**

**પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળ-સમયે રાખેલ છે.**
મહેન્દ્રકુમાર ભીખાલાલ પંડ્યા - કેયુર વિષ્ણુપ્રસાદ પંડ્યા

**સંત જેવું જીવન જીવી અચાનક જ અમારી વચ્ચેથી વિદાય લઈ અમોને આઘાતથી અવાચક કરી ગયા ! દેહથી વિલીન થઈને અમારી આંખોમાં નમી રૂપે સદાયે જીવંત બની ગયા !**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com